# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે મતદાન ચાલી રહ્યુ છે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં 36 હજાર 230 કરોડના ખર્ચે તૈયાર કરાયેલ ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરશે

3) ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો વિજય-પ્રધાનંત્રીએ અભિનંદન પાઠવ્યા

4) સર્વોચ્ચ અદાલતે શિક્ષણ મેળવવાના અધિકાર કાયદા હેઠળ વિદ્યાર્થીઓના ફરજિયાત પ્રવેશને રાષ્ટ્રીય મિશન ગણાવીને સમર્થન આપ્યું

5) સંયુક્ત આરબ અમીરાતે જાહેરાત કરી કે તે પહેલી મેથી ઓપેક OPEC માંથી અલગ થઈ જશે

6) IPL ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સને છ વિકેટે પરાજય આપ્યો

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# WB ELECTION

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. સાત જિલ્લાઓમાં 142 મતવિસ્તારોમાં કડક સુરક્ષા વચ્ચે મતદાન ચાલી રહ્યું છે. મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ તબક્કામાં ત્રણ કરોડ 20 લાખ થી વધુ મતદારો છે. 220 મહિલાઓ સહિત એક હજાર ચારસો અડતાલીસ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

મતદાન માટે કુલ 41 હજાર દશ મતદાન મથકો પર મતદાન થઈ રહ્યું છે. તેમાંથી આઠ હજાર આઠસો પિસ્તાળીસનું સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૧૩ મતદાન મથકોના સંચાલનમાં દિવ્યાંગ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. ચાર હજાર ત્રણસો આઠસો બુથને અત્યંત સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. આ સ્થળોએ વધારાના કેમેરા અને સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.

ચૂંટણી પંચે એવી પણ જાહેરાત કરી છે કે મતદાર ઓળખપત્ર વિનાના મતદારો આધાર, પાન, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ, ફોટો ધરાવતું પેન્શન કાર્ડ અથવા બેંકો અને પોસ્ટ ઓફિસમાંથી ફોટો ધરાવતું પાસબુક જેવા ૧૨ વૈકલ્પિક દસ્તાવેજોમાંથી એક રજૂ કરીને મતદાન કરી શકે છે.

# REV. PM UP VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના હરદોઇમાં 36 હજાર 230 કરોડના ખર્ચે તૈયાર કરાયેલ ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

VC – ઓમ અવસ્થી

# PRESIDENT - VISIT ATAL TUNNEL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની રોહતાંગ ખાતેની આજની અટલ ટનલની સુનિશ્ચિત મુલાકાત રદ કરવામાં આવી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર સતત બગડતા હવામાન, ભારે પવન, વરસાદ અને હિમવર્ષાની સંભાવનાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

હિમાચલ પ્રદેશની તેમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુ અટલ ટનલનું નિરીક્ષણ કરવાના હતા અને સરહદ માર્ગ સંસ્થા BROના અધિકારીઓ સાથે વાતચીત કરવાના હતા.

# GUJARAT- LOCAL POLLS

ગુજરાતમાં 26 અપ્રિલે યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ભાજપે રાજ્યની તમામ 15 મહાનગરપાલિકામાં જીતી મેળવી છે. મોરબી અને પોરબંદર નગરપાલિકામાં ભાજપે તમામ 52 બેઠકો જીતી હતી. રાજ્યની 17 નગરપાલિકામાંથી 15 માં ચૂંટણીઓ યોજાઈ હતી. બાકીની બે નગરપાલિકાનો કાર્યકાળ હજુ પૂરો થયો નથી.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ

VC- APARNA KHUNT

# PM- GUJARAT

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ ગુજરાતના સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભવ્ય વિજય બદલ ગુજરાતની જનતાનો આભાર માન્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું કે ચૂંટણી પરિણામોએ ગુજરાત અને ભાજપ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે.

તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારના ઉત્કૃષ્ટ કાર્યને જોતાં લોકોએ સુશાસનની રાજનીતિ પસંદ કરી છે. શ્રી મોદીએ ગુજરાતના લોકોને ખાતરી આપી હતી કે, ભાજપ ભવિષ્યમાં વધુ સખત મહેનત કરશે અને રાજ્યને પ્રગતિની નવી ઊંચાઈઓ પર લઈ જશે.

પ્રધાનમંત્રીએ ગુજરાતમાં પાયાના સ્તરે પક્ષના કાર્યકરોના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે ભાજપના કાર્યકરો હંમેશા લોકોની વચ્ચે રહ્યા છે અને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવ્યા છે, અને આ જ કારણે ગુજરાતમાં ભાજપને વારંવાર સફળતા મળી છે.

## EQUADOR FM VISIT

ઇક્વાડોરના વિદેશ મંત્રી ગેબ્રિએલા સોમરફિલ્ડ આજથી ત્રણ દિવસની ભારત મુલાકાત છે. તેઓ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે. ત્યારબાદ શ્રીમતી ગેબ્રિએલા રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરશે. તેઓ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડા, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને વિદેશ રાજ્ય મંત્રી પાબિત્રા માર્ગારીતા સાથે પણ મુલાકાત કરશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SC-ADMISSION

સર્વોચ્ચ અદાલતે શિક્ષણ મેળવવાના અધિકાર કાયદા હેઠળ વિદ્યાર્થીઓના ફરજિયાત પ્રવેશને રાષ્ટ્રીય મિશન ગણાવીને સમર્થન આપ્યું છે. અદાલતે ગઈકાલે જણાવ્યું કે ખાનગી બિન-સહાયિત સંસ્થાઓ સહિત નજીકની શાળાઓ, વિલંબ કર્યા વિના લાયક વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે કાયદેસર રીતે બંધાયેલી છે. ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે જણાવ્યું હતું કે સમાજના નબળા અને વંચિત વર્ગના બાળકોને પ્રવેશ ન આપવો એ બંધારણની કલમ 21A હેઠળ ગેરંટીકૃત શિક્ષણના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે.

અદાલતે જણાવ્યું કે શિક્ષણ મેળવવાના અધિકાર કાયદા હેઠળ આવા વિદ્યાર્થીઓ માટે 25 ટકા અનામત સામાજિક માળખામાં સકારાત્મક પરિવર્તન લાવવા અને સમાનતાને પ્રોત્સાહન આપવાની ક્ષમતા ધરાવે છે અને મફત તથા ફરજિયાત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે કાયદાનો અસરકારક અમલ જરૂરી છે.

સર્વોચ્ચ અદાલતે લખનઉની એક ખાનગી શાળા દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી હતી. શાળાએ શિક્ષણ અધિકાર કાયદા હેઠળ લાયક વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો ઇનકાર કર્યો હતો. વડી અદાલતના નિર્ણયને યથાવત રાખતા બેન્ચે જણાવ્યું હતું કે શાળાઓ સરકારી અધિકારીઓ દ્વારા લેવામાં આવેલા પાત્રતાના નિર્ણયો પર પ્રશ્ન ઉઠાવી શકતી નથી અથવા તેને ઉલટાવી શકતી નથી. અદાલતે જણાવ્યું હતું કે એકવાર રાજ્ય દ્વારા પસંદ કરેલા વિદ્યાર્થીઓની યાદી મોકલ્યા બાદ શાળાઓ પાસે પ્રવેશ આપવા સિવાય કોઈ વિકલ્પ નથી.

# LEH-BUDDHA RELICS

એક ઐતિહાસિક પહેલ અંતર્ગત ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો આજે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ પહોંચશે, જ્યાં તેને આગામી મહિનાની 1 થી 15 તારીખ સુધી જાહેર પ્રદર્શનમાં રખાશે.

કડક સુરક્ષા હેઠળ ભારતીય હવાઈદળના ખાસ વિમાન દ્વારા પવિત્ર અવશેષો લાવવામાં આવી રહ્યા છે. ઉપરાજ્યપાલ વિનયકુમાર સક્સેના અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હવાઈમથકે અવશેષોનું સ્વાગત કરશે.

આ પહેલીવાર છે જ્યારે આ પવિત્ર અવશેષોને દેશની અંદર પ્રદર્શન માટે તેમના કાયમી સ્થાનથી બહાર લાવવામાં આવી રહ્યા છે. આ અવશેષો કપિલવસ્તુમાં પિપ્રહવા સ્તૂપ સાથે સંકળાયેલા છે અને ભગવાન બુદ્ધના ઉપદેશોનું પ્રતીક માનવામાં આવે છે.

આ પ્રદર્શન લોકોને આધ્યાત્મિક શાંતિ, ચિંતન અને પરસ્પર સંવાદિતાને મજબૂત કરવાની તક પૂરી પાડશે. આગામી મહિનાની 11 અને 12 તારીખે ઝાંસ્કરમાં પણ અવશેષો પ્રદર્શિત કરવામાં આવશે. 14 તારીખે લેહમાં સમાપન સમારોહ યોજાશે અને 15 તારીખે પવિત્ર અવશેષો પરત લાવવામાં આવશે.

# UAE OPEC

સંયુક્ત આરબ અમીરાતે જાહેરાત કરી છે કે તે પહેલી મેથી ઓપેક OPEC માંથી અલગ થઈ જશે. જેનાથી વૈશ્વિક તેલ પુરવઠા અને ભાવ પર ઓપેક ની પકડ નબળી પડી શકે છે.

UAE ના આ નિર્ણયની ચર્ચા કેટલાક સમયથી ચાલી રહી હતી કારણ કે તે ઓપેકના ઉત્પાદન ક્વોટાથી અસંતુષ્ટ હતું. UAE ના મતે ઘટાડેલા ક્વોટાને કારણે તે વિશ્વને જેટલું ઇચ્છે તેટલું ખનીજતેલનું વેચાણ કરી શક્યું નથી.

જોકે ઓપેકમાંથી UAEના ખસી જવાથી બજાર પર તાત્કાલિક મોટી અસર થવાની શક્યતા ઓછી છે, કારણ કે ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સમુદ્રધુની બંધ હોવાથી વૈશ્વિક તેલ પુરવઠો ખોરવાઈ રહ્યો છે.

UAE એ પણ સંકેત આપ્યો છે કે તે ઓપેક પ્લસ જૂથમાંથી ખસી જશે. નોંધનીય છે કે UAE 1967 માં ઓપેકમાં જોડાયું હતું અને ઈરાન સાથેના યુદ્ધ પહેલા દરરોજ આશરે 34 લાખ બેરલ ક્રૂડ તેલનું ઉત્પાદન કરી રહ્યું હતું.

## IPL

IPL ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સને છ વિકેટે પરાજય આપ્યો. ગઈકાલે રમાયેલી મેચમાં 223 રનનો લક્ષ્યાંક રાજસ્થાન રોયલ્સે 19 ઓવર અને 2 બોલમાં 4 વિકેટ ગુમાવીને 228 રન બનાવીને હાંસલ કરી લીધો હતો.

રાજસ્થાન રોયલ્સ માટે ડોનોવન ફેરેરાએ અણનમ 52 રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

આજે સાંજે સાડા સાત વાગે મુંબઈ ઈન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે મુકાબલો થશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ

- આજે બધા જ અખબારોના મથાળે સ્થાનિક સ્વરાજ ચૂંટણીના પરિણામોમાં ભાજપના વિજયની ઉજવણીના સમાચારો તસવીરો સાથે છપાયાં છે.
- ગુજરાત સમચારે લખ્યું - ભાજપને સિંહાસન, કોંગ્રેસને શવાસન, આપને આશ્વાસન
- દિવ્ય ભાસ્કર લખે છે – સ્વરાજ્ય ભાજપનો જન્મસિદ્ધ અધિકાર
- સંદેશે લખ્યું કે – સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપની ઝળહળતી ફતેહ
- આ ઉપરાંત, યુએઇના ઓપેકજુથ છોડવાના અને તાપમાનમાં વધારાના સમાચારો વાંચવા મળી રહ્યા છે.

------------------------------------------